રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ હેઠળની નવા નામાભિધાનવાળી સંકટ મોચન યોજના (રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના) ના સહાયના દરમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:વનપ-૧૦૨૦૧૧-૧૩૭-(૫૫૪૬૯૫)-છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૫/૨/૨૦૧૪.

વંચાણ લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક: એનએસએપી - ૧૦૨૦૦૨ - આઇ – ૨૪૬ - છ, તા. ૬ – ૧ - ૨૦૦૫

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક: એનએસએપી – ૧૦૨૦૦૨ - આઇ – ૨૪૬ - છ, તા. ૧૮ – ૧ - ૨૦૦૫

(૩) ભારત સરકારના ગ્રામ વિકાસ મંત્રાલય, ન્યુ દિલ્હીનં પત્ર નં.જે/૧૧૦૧૫/૧/૨૦૧૨-NSAP તથા મેમોરેન્ડમ નં.જે-૧૧૦૧૫-૧૨૦૧૨-NSAP, તા.૮-૧૧-૨૦૧૨.

ઠરાવ:

ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (NSAP) સને ૨૦૦૨-૨૦૦૩થી રાજય સરકારને તબદીલ કરવામાં આવતાં રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ હેઠળની ગરીબી રેખા હેઠળ (બી.પી.એલ.)ના કુટુંબને સહાય માટેની રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાની તબદીલી સ્વીકારી આ યોજનાનું નામ તા.૬.૧.૨૦૦૫ના ઠરાવથી સંકટ મોચન યોજના રાખવામાં આવેલ.

વંચાણે લીધેલ તા.૧૮.૧.૨૦૦૫ના ઠરાવ અન્વયે આ યોજના હેઠળ કેન્દ્રીય સહાય રૂ.૧૦,૦૦૦/-ની મર્યાદામાં મળવાપાત્ર છે.

વંચાણે લીધેલ ભારત સરકારના ગ્રામ વિકાસ મંત્રાલય, ન્યુ દિલ્હીના તા.૮.૧૧.૨૦૧૨ના પત્ર - ઓફીસ મેમોરેન્ડમ થી રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાની સહાય રૂ.૧૦,૦૦૦/- થી વધારી રૂ.૨૦,૦૦૦/- કરવામાં આવેલ છે. તેમજ યોજનામાં મુખ્ય કમાનાર વ્યક્તિની વય ૧૮ વર્ષથી વધુ અને ૬૦ વર્ષથી ઓછી હોવી જોઇએ.

હાલની યોજનામાં પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબના સુધારા કરવામાં આવે છે.

(૧) મુખ્ય કમાનાર વ્યક્તિનું કુદરતી સંજોગોમાં અથવા અકુદરતી કે અકસ્માતમાં મૃત્યુ થાય ત્યારે આવા મૃત્યુ થાય ત્યારે મુખ્ય કમાનાર વ્યક્તિ (તે અથવા તેણી)ની વય ૧૮ વર્ષથી વધુ અને ૬૦ વર્ષથી ઓછી હોવી જોઇએ.

(૨) કુદરતી સંજોગોને કારણે અથવા અકસ્માતના કારણે મૃત્યુ થાય તેવા સંજોગોમાં ઉચ્ચક કેન્દ્રીય સહાય રૂ.૨૦,૦૦૦/-ની મર્યાદામાં મળવાપાત્ર થશે.

(૩) આ યોજનામાં કરેલ ફેરફારનો અમલ ભારત સરકારે અમલ કર્યા તા.૧૮.૧૦.૨૦૧૨થી કરવાનો રહેશે.

ઉપર્યુંક્ત ફેરફાર સિવાય ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગના પરામર્શમાં સરકારશ્રીની મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એમ. એલ. ભગોરા )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સી.ઇ.ઓ.ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અ.જા.ક., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિ .જા.ક., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગ્રામ વિકાસ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકાસ કમિશ્નરશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય, બ્લોક નં.૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ઉચિત પ્રેસનોટ પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ
- સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની સર્વે શાખાઓ
- સિલેકટ ફાઇલ.

* પત્ર દ્વારા